



# અરવલ્લીમાં મોસમે કરવટ બદલતા જગતનો તાત ચિંતિત

ગુજરાતમાં ઉનાળાની ધીમા પગે શરૂઆત થઇ હતી. ધીમે ધીમે રાજ્યમાં ગરમીનો પારો ઉંચકાતો જોવા મળી રહ્યો હતો. જોકે, આજે વહેલી સવારે જાણે ઉનાળો ગાયબ થઇને સીધું જ ચોમાસું બેસી ગયું હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું હતું. અરવલ્લી જીલ્લામાં પલટો આવ્યો હતો અને વાદળછાયું વાતારણ સાથે કમોસમી વરસાદી છાંટા પડતા ખેતરોમાં લહેરાતા ઉભા ઘઉંના અને કાપણી કરી ખેતરમાં પડેલા ઘઉંના પાકમાં નુકસાન સાથે તેની ગુણવત્તામાં ભારે ફટકો પડવાની સાથે ઘઉંમાં કાળી ટિપકી પડવાની ભીતિથી ખેડૂતોમાં ભારે નિરાશા જોવા મળી હતી. મોડાસા શહેરમાં કમોસમી વરસાદના પગલે લોકો છત્રી સાથે બજારમાં નીકળવાની ફરજ પડી હતી. અરવલ્લી જીલ્લામાં સોમવારે વહેલી સવારે એકાએક વાતાવરણમાં પલટો આવતા જગતના તાત પર વધુ એક આફતની ભીતિ સેવાઇ રહી. ખેડૂતોના અનાજના ઉત્પાદનમાં પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતો ચિંતિત છે. ત્યારે વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદી છાંટા પડતા ઘઉં, ચણા, મકાઈ સહિતના ઉભા પાકને નુકસાન પણ થઈ શકે છે. ગરમીની સીઝન વચ્ચે ઠંડક પ્રસરતા વાતાવરણને ખેડૂતોને ચિંતામાં મૂકી દિધા છે. હવામાન વિભાગ દ્વારા હજુ બે દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે એવી આગાહીથી જગતના તાતની કુદરત કેવી પરીક્ષા લેશે એ જોવું રહ્યું પરંતુ હાલ જગતના તાતની ચિંતામાં વધારો થયો હોવાનું નકારી ન શકાય.

## મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગીરીને પાલનપુર કોર્ટમાં હાજર કરાયા

પાલનપુર, તા. ૧૯

વડગામના મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગીરી સામે



પાલનપુર, વડગામ અને અમદાવાદ ખાતે છેતરપીંડી, ઉંચા વ્યાજે નાણાંની ઉઘરાણી સહિતની ફરિયાદો નોંધાવા પામી છે. જે અંગેના ચાર્જસીટ કોર્ટમાં રજૂ થતાં કેસ ચાલી રહ્યા છે. જેમાં મહિલા દ્વારા નોંધાયેલી છેતરપીંડીના કેસમાં સાધ્વી જયશ્રીગીરીને સોમવારે પાલનપુરની કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી.

વડગામના મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગીરી સામે પાલનપુર પૂર્વ અને પશ્ચિમ પોલીસ મથકમાં છેતરપીંડી, પ્રોહિબિશન, ઉંચા વ્યાજે નાણાંની ઉઘરાણી, મારામારીની અગાઉ સાત ફરિયાદો નોંધાવા પામી છે. જે અંગે પોલીસે ચાર્જસીટ રજૂ કરતાં જુદીજુદી અદાલતોમાં કેસ ચાલી રહ્યા છે. જે અંતર્ગત પાલનપુરના ઇંદિરાબેન દ્વારા નોંધાયેલા છેતરપીંડીના ગૂનામાં સોમવારે અમદાવાદ જેલમાંથી ચુસ્ત બંદોબસ્ત સાથે પાલનપુરની કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. જ્યાં ન્યાયાધીશે વધુ એક મુદત આપી હોવાના અહેવાલ મળ્યા છે.



## ધનસુરા તાલુકામાં કમોસમી માવઠું થતા ખડૂતો ચિંતિત

ધનસુરા તાલુકામા ધનસુરાગામ સહિત કેટલાક વિસ્તારોમાં સવારથી જ વાદળછાયુ વાતાવરણ હતું. સાથે સામાન્ય હળવો વરસાદ પણ થયો હતો. વાતાવરણમાં પલટો આવતા ગરમીમા લોકોને રાહત મળી હતી, પરંતુ જગતનો તાત ખેડૂત ચિંતિત થયો હતો. કારણ કે ધનસુરા તાલુકામાં મોટા પ્રમાણમાં ઘઉંનુ વાવેતર થયું છે. અને હાલમાં ઘઉંને લણવાની સિઝન પણ ચાલી રહી છે. એવામાં કમોસમી માવઠાથી ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. ધનસુરા તાલુકામાં વરિયાળી, જીરું સહિત અન્ય પાકોનું પણ વાવેતર સારા પ્રમાણમાં થયું છે. તેથી આ કમોસમી માવઠાથી પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતોમાં જોવા મળી હતી.

## ધાનેરામાં આજે એક માનવતા દિવાલનું ઉદ્દઘાટન

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં આજે એક માનવતા દિવાલનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું જેમાં ધાનેરા નગરના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.ભારત દેશમાં ક્યાંકને ક્યાંક આજે પણ ગરીબી જોવા મળી રહી છે.લોકો ખાવા-પીવા તેમજ કપડાઓ માટે ટળવળી રહ્યા છે ત્યારે આજે ધાનેરાના એક સેવાભાવી એવા એજયુફન ફાઉન્ડેશન ટ્રસ્ટ ધાનેરા ના પારસભાઈ સોની દ્વારા માનવતાની દીવાલ બનાવવામાં આવી છે અને લોકોને અપીલ કરવામાં આવી છે કે તમારી જરૂરિયાત વગરની વસ્તુઓ જેવી કે ખાવા-પીવા,કપડાં,ચપ્પલ જેવી વસ્તુઓ આ જગ્યા ઉપર મુકો જેનાથી આ વસ્તુઓ ગરીબ લોકો સુધી પહોંચી શકે અને આ દીવાલની બાજુમાં એવું લખવામાં આવ્યું છે કે જેને પણ જરૂર હોય તે આ જગ્યા પરથી વસ્તુ લઈ જઈ શકે છે.આજની આ માનવતા દીવાલ કાર્યક્રમમાં ધાનેરાના અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા અને પારસભાઈ સોની તેમજ તેમના એજયુફન ફાઉન્ડેશન ની કામગીરી બિરદાવી હતી.

યાત્રાધામ અંબાજી માં છેલ્લા બે દિવસ થી હોસ્પીટલ માં અસુવિધાના મામલે બજારો બંધ રાખી લોક હીત રક્ષક સમીતી દ્વારા એક જન આંદોલન શરુ કરાયુ હતુ આખરે આજે તે નો અંત આવ્યો છે આંદોલન કરતાઓ ની માંગણીઓ ને લઈ હોસ્પીટલ ના સંચાલક અને અંબાજી મંદિર નાવહીવટદાર આંદોલન સ્થળ ઉપર પહોચી લોકો ને આરોગ્ય ને લગતી સુવિધાઓ પુરી પાડવાની ખાત્રીઆપી હતી.

## ભિલોડામાં ચેટીચાંદની ઉજવણી

ભિલોડા,તા.૧૯

ભિલોડામાં શ્રી ઝુલેલાલ મંદીરમાં ચેટીચાંદના ધાર્મિક તહેવારની ઉજવણીનો કાર્યક્રમ ભક્તિભાવ પુર્વક યોજાયો હતો. શ્રી સીંધી નવયુવક મંડળના હોદ્દેદારો અને કારોબારી સભ્યોના જણાવ્યા મુજબ બાળકો ધ્વારા વિવિધ પ્રકારના ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. શ્રી ઝુલેલાલ મંદીરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ભાવિક ભક્તોએ ઝુલેલાલ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. શ્રી ઝુલેલાલ ભગવાનની શોભાયાત્રા ડી.જે.ના તાલે વાજતે-ગાજતે કાઢવામાં આવી હતી.



આજે શરૂ થયેલી ચૈત્રી નવરાત્રી દરમીયાન શુભ મુહર્તમાં મંદિરનાં મુખ્ય પુજારી ભટ્ટજી મહારાજ અને પ્રાંત અધીકારીની ઉપસ્થીતીમાં આ ઘટસ્થાપન વિધિ કરવામાં આવી હતી. જોકે આ ઘટસ્થાપન માં પાંચ અનાજનાં જવેરા વાવવામાં આવે છે અને નવમાં દિવસે ઉગતાં જવેરાને જોઇને ખેડુતો માટેનું વર્ષ કેવું રહેશે તેનો અંદાજ નિકાળવામાં આવે છે અને જેટલાં જવેરાં મોટા થાય તેટલો મોટો વિકાસ થવાની માન્યતાં આ ઘટસ્થાપનમાં સમાયેલી છે.

## સાબરકાંઠામાં અચાનક વાતાવરણમાં પલ્ટો

હિંમતનગર, તા. ૧૯

ચૈત્ર મહિનો શરૂ થતાની સાથે જ રવિવારે અને સોમવારે વાતાવરણમાં આવેલ અચાનક પલ્ટાને કારણે પ્રાંતિજ અને હિંમતનગર પંથકમાં વરસાદના છાંટા પડતા ખેડૂતોના જીવ તાળવે ચોટી ગયા હતા. જો આગામી દિવસોમાં વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે માવઠુ થશે તો જિલ્લામાં પાકીને તૈયાર થયેલા ઘઉંના પાકને વ્યાપક નુકશાન થવાની ભીતી ખેડૂત વર્ગ સેવી રહ્યો છે. જિલ્લામાં હજુ તો મજૂરોની અછત હોવાને કારણે ઘઉંની કાપણી મોડી શરૂ થઈ છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લામાં આવેલ હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર પંથકમાં આ વર્ષે ખેડૂતોએ અંદાજે ૧૦,૦૦૦ હેક્ટર કરતા વધુ જમીનમાં ઘઉંનું વાવેતર કર્યુ હતુ. જોકે ઘઉંના પાકને આ વર્ષે સાનુકૂળ વાતાવરણ અને ઠંડી શિયાળો પુરો થયો ત્યાં સુધી ચાલુ રહી હોવાને કારણે ઘઉંના પાકને ખુબજ ફાયદો થયો છે. જો કે જે ખેડૂતોએ ઘઉંનું આગોતર વાવેતર કર્યુ હતુ તે ઘઉ ખેડૂતોએ તૈયાર કરીને ઘરે લાવી દીધા છે.

## ૨૦૬ કાર્મચારીએ ભાનુભાઈને શ્રધાંજલિ અર્પણ કર્યા બાદ એક માસનું અલ્ટી મેટમ આપ્યું

મહેસાણાના ઊંઝા નગરપાલિકામાં સફાઈ કામદારોને કાયમી ન કારવાના



કારણે કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે જેને લઈને આજે તેમણે અંદોલનનો મુળ બનાવીને બેસી ગયા હતા જ્યારે ૨૦૬ કાર્મચારીઓએ પાટણમાં આત્મ વિલોપન કરનારા ભાનુભાઈને શ્રધાંજલિ અર્પણ કાર્ય બાદ એક માસનું અલ્ટી મેટમ આપ્યું છે અને માગણી નહી સંતોષાય તો સામુહિક આત્મ વિલોપન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચારી હતી.

મહેસાણાના ઊંઝામાં પાલિકા દ્વારા ૧૯૮૮ બાદ એક પણ કર્મચારીને કાયમી કરવામાં આવ્યા નથી. આજે ઊંઝા નગરપાલિકાના ૨૦૬ કર્મચારીઓએ અંદોલનના મૂળ બનાવીને આજે પાલિકા સામે બાયો ચાઢાવી હતી અને ભાનુભાઈ વણકરના નિવાસ સ્થાનની પાસે હડતાલમાં બેસી ગયા હતા. પ્રતિક ઉપવાસના ભાગ સ્વરૂપે પ્રથમ આવેદન પત્ર પણ મામલતદારને આપી દેવામાં આવ્યું હતું અને પોતાની પડતર માંગણી નહી સંતોષાય તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી વચે તમામ કર્મચારીને કાયમી કરવામાં આવે તેવી માંગ મૂકી હતી અને એક માસનો સમય પણ આપવામાં આવ્યો છે જ્યારે આ સમગ્ર મામલે ચીમકી પણ ઉચારવામાં આવી છે કે જો માંગણી નહી સંતોષાય તો આવનારા સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. સાથે ૨૦૬ કર્મચારી સામુહિક આત્મ વિલોપન ભાનુભાઈની હાજરીમાં કરશે. હિતેશભાઈ સફાઈ કર્મચારીએ જાન્વ્યું હતું.

## ચૈત્ર મેળો : નબળા ચોમાસાના એંધાણ

ખેડૂતો માને છે કે જો ચોમાસા પહેલા આવતા ચૈત્ર માસમાં માવઠુંથાય તો ખેડૂત વર્ગ માટે શુકનીયાળ નથી. ચૈત્ર માસને કારણે પાછળથી આવતુ ચોમાસુ નબળુ રહે છે. હવામાન વિભાગે થોડા સમય અગાઉ દેશમાં ચોમાસામાં સરેરાશ કરતા ઓછો વરસાદ પડવાની આગાહી કરી છે.



બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના રણાવડા જાગીરીમાં ગામ લોકોએ પરસેવાની કમાણીના માંડ માંડ લોકફાળો ભેગો કરીને પાણી પૂરવઠા કાંકરેંજ શિહોરીમાં લોકફાળો ભર્યો અને બાકીનો ફાળો સરકારનો. જેમતેમ કરીને પાણી માટે બોર બનાવવા મંજુરી મળી પણ જે ગાંધીનગરથી બોર બન્યા પછી લોગન કરવા આવે તે લોગન કરવાવાળાએ પાણી સારું છે તેવું જણાવી પાણી સેમ્પલ લઈ સારુ છે તેવું તેમનાં અધિકારીઓને જણાવ્યું હશે, પણ જયારે બોર બની ગયો ત્યારે પાણી સેમ્પલ ખરાબ આવ્યું. ટી.ડી.એસ. ૨૩૦૦ આવ્યા ને હાર્ડનેશ ૮૬૦ આવ્યા. તો પાણી પીવાથી લોકો બીમાર પડવા લાગ્યા. પથરી, પગના સાંધા, ખંજવાળ આવે તેવા રોગો ચાલુ થયા પણ અધિકારીઓને રજૂઆત કરી પણ શીહોરીવાળા પાલનપુરને પાલનપુરવાળા ગાંધીનગરની વાતો કરી હજુ સુધી કોઈ નિકાલ આવ્યો નહીં. હાલ ગામના લોકો પીવાનું પાણી એક કિલોમીટર દૂરથી પાણી ઉપાડી લાવે છે પણ તંત્રનું પેટમાં પાણી હલતું નહીં. તો પાણી પૂરવઠા મંત્રી કે ચેરમેન કે સચિવ આ ગામને પીવાલાયક પાણી આપશે ખરા. સેમ્પલ જ આવ્યું તો નવો બોર બનાવી આપી આ ગામને પીવાલાયક પાણી આપવું જોઈએ ને જે અધિકારીઓએ ભુલ કરી હોય તેમની સામે પગલાં ભરવા જોઈએ તો બીજીવાર આવી ભૂલ ના કરે તો હવે આ ગામને પાણી મળશે કે પછી ?

## કાંકરેજના રાણકપુર ગામે નર્મદા કેનાલમાં યુવતીએ મોતની છલાંગ લગાવી

કાંકરેજ તાલુકાના રાણકપુર નર્મદા કેનાલ મા રાણકપુર ગામની ૨૨ વર્ષીય યુવતીએ કોઈ અગમ્ય કારણસર પડતું મૂકતાં યુવતીના પરિવારજનો અને તંત્રના અધિકારીઓ હરકતમા આવી ગયા હતા.

જોકે આ બાબતની જાણ કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણને થતાં તત્કાલીન ઘટના સ્થળ ઉપર પહોચ્યા હતા અને થરા પોલીસ પણ આવી હતી જ્યાં



સ્થાનિક તરવૈયાઓની મદદ લઈ શોધખોળ આદરી હતી. સતત સાતથી આઠ કલાક સુધીના સમયગાળામાં પડેલ યુવતીની કોઈ ભાળ મળી નહોતી. આમ કાંકરેજ તાલુકાના રાણકપુર નર્મદા કેનાલમા યુવતીએ પડતું મૂકતાં અરેરાટી ફેલાવા પામી હતી. જોકે સાંજના સાડા ચાર વાગ્યા સુધી મૃતદેહના કોઈ સમાચાર મળ્યા ન હતા અને શોધખોળ ચાલુ રખાઈ હતી. આમ નર્મદા કેનાલમા એક પછી એક પડવાનું અને મોતને વ્હાલું કરવાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે.

કેનાલમા પાડનાર યુવતીનું નામ ગાયત્રીબા વાઘેલા મુળ રાણકપુર ગામની યુવતી હોવાનું બાર આવ્યું છે. જોકે ક્યા કારણસર પડી એ હજી સુધી જાણી શકાયું નહીં અને થરા પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે. સમાચાર લખાય ત્યાં સુધી યુવતીનો મૃતદેહ મળ્યો નહોતો. કાંકરેજ મામલતદાર દ્વારા જાણવા મળ્યું કે શોધ ખોળ ચાલુ છે.